# સમાજને ત્રાસદાયક સામાન્ય પ્રકારના કૃત્યોમાં પોલીસ ફરજ

-- જાહેર જનતા નીચેના કૃત્યો અંગે ફરિયાદ કરે તો પોલીસ અમલદાર બોમ્બે પોલીસ એક્ટ હેઠળ કાર્યવાહી કરી શકે છે.

- ઢોરને રસ્તામાં સાર્વજનિક સ્થળે રઝળતુ મુકવું.
- જાનવર મારફત અડચણ કરવી
- કોઇની નકલ કરવી, ગાનતાન ખેલ કરવા.
- રસ્તા ઉપર જાનવરનો વધ કરવો, જાનવરનું મડદુ કે ચામડું સાફ કરવું.
- કરકડણો કુતરો જાહેરમાં ફરવા દેવો, ધોડા છુટા મુકવા.
- ખુલ્લી જાહેર જગ્યામાં ન્હાવું, મળ-મૂત્ર કરવું, જાહેરમાં થુકવું
- સાર્વજનીક કુવાનું પાણી ખરાબ કરવું.
- જાહેરમાં નિર્લજ પણે વર્તવું.
- જાહેર રસ્તામાં ચાલનાર વ્યક્તિને જાણી બુજીને ધક્કા મારવા, તોફાની ચાલ ચાલવી, ભય ઉદ્‌ભવે તેવા કૃત્યો કરવા.
- સુલેહ ભંગ કરવાના ઇરાદાથી ગેર વર્તન કરવું.
- જાહેર માર્ગો ઉપર પતંગ ઉડાડવા કે લૂંટવા.
- જાહેરમાં ગંદવાડ ફેકવો.
- સાર્વજનિક જગ્યામાં અવ્યવસ્થિત વર્તણુંક.
- જાહેરમાં ઉચા અવાજે માઇક્રટેપ વગાડવા.
- સાઇલન્સ ઝોનમાં ઉચ્ચા અવાજવાળા હોર્ન વગાડવા.
- સરકારી કચેરીમાં ધુમ્રપાન કરવું.
- સીનેમાંગૃહોમાં ધુમ્રપાન કરવું,અન્ય પ્રેક્ષકોને અડચણ થાય તે રીતે ચેન-ચાળા કરવાં.
- જાહેર માર્ગો ઉપર ક્રિકેટ જેવી અન્ય રમતો રમવી.

## સ્વખર્ચે પોલીસ રક્ષણ

-- કોઇપણ વ્યક્તિ કે જનસમુદાયને અસામાજીક તત્વો, માથા ભારે ઇસમો તરફથી બાળાઓના અપહરણ સબંધી ધમકીઓ, ગર્ભિત ધમકીઓ, મળતી હોય ત્યારે કે મોટી રકમ સાથે મુસાફરીના કીસ્સામાં જાનમાલ ની રક્ષા માટે પોલીસ રક્ષણની માગણી કરવામાં આવે છે. આવા કીસ્સામાં યોગ્યતા મુજબ અટકાયતી પગલાં લેવામાં આવે છે. પરંતુ તેનાથી હીત સરતુ ન હોય તો સ્વ ખર્ચે પોલીસ રક્ષણ આપવામાં આવશે.

- જમીન, મકાનના પ્રશ્નોમાં રક્ષણની માગણીમાં કાયદાની મર્યાદામાં યોગ્ય જણાયતો પોલીસ રક્ષણ અપાય છે.
- રાષ્ટ્રિય બેંકોમાં માગણી મૂજબ બેન્ક ગાર્ડ, ટ્રેઝરી ગાર્ડ ના સ્વરૂપે પોલીસ રક્ષણ અપાય છે.
- જિલ્લા/યુનિટ ખાતેની પોલીસ કચેરીને અરજી કરી અને જરૂરી પુરાવા આપી સ્વખર્ચે રક્ષણ મેળવી શકાય છે.